બ્રિટનના એક ગામમાં દુલ્હન ગાય પર સવાર થઈ લગ્ન માટે ચર્ચ પહોંચી

સોમરસેટના માર્ક ગામમાં 37 વર્ષની મહિલા ખેડૂત વિક્ટોરિયા લી પોતાની મનપસંદ ગાય 'વ્હાઇટ ચોકલેટ બટન' પર સવાર થઈ; લગ્ન બાદ પતિ સાથે ગાયોને દોહવા ફાર્મ પણ ગઈ

લંડન, તા. 12: બ્રિટનના સોમરસેટના માર્ક ગામમાં એક ખેડૂત દુલ્હન પોતાના લગ્ન સમારોહમાં અનોખી રીતે પહોંચી હતી. 37 વર્ષની વિક્ટોરિયા લી પોતાની મનપસંદ ગાય 'વ્હાઇટ ચોકલેટ બટન' પર સવાર થઈને ચર્ચ પહોંચી હતી. વિક્ટોરિયાએ ગાયને પોતાની 'સૌથી સારી મિત્ર' ગણાવી હતી.

વિક્ટોરિયા ડોર્સેટમાં પરિવારના ફાર્મમાં મોટી થઈ હતી. પરિવારમાં પોની રાખવાની મંજૂરી ન હોવાથી તે બાળપણથી ગાય પર સવારી કરતી હતી. તેથી તેણે પોતાની ગાયને ચર્ચ સુધી લઈ જવા માટે તાલીમ આપવાનું નક્કી કર્યું હતું. વિક્ટોરિયાની બીજી ગાય બેસિલને પણ સવારી માટે તાલીમ આપવાનો પ્રયાસ થયો હતો, પરંતુ તેને તેમાં રસ નહોતો અને તેણે વિક્ટોરિયાને નીચે પાડી દેવાનો પ્રયાસ કર્યો હતો. 'વ્હાઇટ ચોકલેટ બટન'ને ટ્રેક્ટર દ્વારા ગામ સુધી લાવવામાં આવી હતી અને ચર્ચ સુધીના અંતિમ માર્ગ પર વિક્ટોરિયા તેના પર સવાર થઈ હતી. લગ્ન બાદ નવદંપતીના સન્માનમાં વરરાજાના સાથીઓએ ખેતીનાં ઓજારો ઊંચા રાખીને ગાર્ડ ઓફ ઓનર આપ્યું હતું. રિસેપ્શનમાં જતા પહેલાં વિક્ટોરિયા અને તેના પતિ માઈક ફાર્મ પર રોકાયા હતા. બંનેએ ગાયોને દોહી હતી અને 'વ્હાઇટ ચોકલેટ બટન'ને પરત ફાર્મમાં મૂકી હતી.

ફિલિપાઈન્સમાં 'કચરાની નદી', સફાઈ માટે ખભા સુધીના કચરામાં ઉતર્યા કર્મચારીઓ

9 દિવસના ભારે વરસાદ બાદ નદીઓ અને નાળામાં કચરાના ઢગલા; ક્રેન અને બોટની મદદથી સફાઈ કામગીરી શરૂ

મનીલા, તા. 12: ફિલિપાઈન્સમાં સતત 9 દિવસના ભારે વરસાદ બાદ શહેરોમાં પાણી સાથે મોટી માત્રામાં કચરો પણ વહી આવ્યો છે. પરાનાકે સિટીમાં સફાઈ કર્મચારીઓને કચરાથી ભરેલી નદીઓમાં ઉતરીને સફાઈ કરવાની ફરજ પડી હતી. કેટલાક સ્થળોએ પાણી લગભગ ખભા સુધી પહોંચી ગયું હતું અને તેમાં કર્મચારીઓ કચરામાંથી રસ્તો બનાવીને આગળ વધતા જોવા મળ્યા હતા. શહેરના જળમાર્ગોમાં એટલો કચરો ભરાઈ ગયો હતો કે ઘણી જગ્યાએ પાણી દેખાતું પણ નહોતું. કચરો દૂર કરવા માટે સફાઈ કર્મચારીઓ સાથે ક્રેન, બોટ અને મોટા કન્ટેનરોનો પણ ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. સૌથી વધુ અસરગ્રસ્ત વિસ્તારોમાં બારંગે બાક્લારાનનો રેરેમ્પ્ટોરિસ્ટ વોટર ચેનલ વિસ્તાર છે. સ્થાનિક તંત્ર હવે કચરો ફેંકવા સામે વધુ કડક દંડ લાગુ કરવાની તૈયારી કરી રહ્યું છે. રાષ્ટ્રપતિના પ્રવક્તાએ કહ્યું કે સરકાર જળમાર્ગોમાં પાણી મુક્તપણે વહે તેવું ઈચ્છે છે. મોન્સૂન અને બે ઉષ્ણકટિબંધીય વાવાઝોડાંના કારણે દેશભરમાં 33 પ્રાંતોના 5 લાખથી વધુ લોકો અસરગ્રસ્ત થયા છે. આશરે 98,000 લોકો ઘર છોડવા મજબૂર બન્યા છે, જ્યારે હજારો લોકોને તાત્કાલિક આશ્રયસ્થાનોમાં ખસેડવામાં આવ્યા છે. ભારે વરસાદ અને ભૂસ્ખલનમાં અનેક લોકોનાં મૃત્યુ થયાં છે, 8 લોકો ગુમ છે અને 13 લોકો ઘાયલ થયા છે.

» દિલ્હીના ઈન્ડિયા ગેટ પાસે 'તિરંગા યાત્રા'માં ઉત્સાહભેર રાષ્ટ્રધ્વજ લહેરાવતા નાગરિકો

પેજ 3

માધુરી દીક્ષિતે પતિ ડૉ. શ્રીરામ નેને સાથે સિદ્ધિવિનાયક મંદિરે દર્શન કર્યાં

મુંબઈ, તા. 12 : બોલિવૂડની 'ધક ધક ગર્લ' માધુરી દીક્ષિત તાજેતરમાં તેના પતિ ડૉ. શ્રીરામ નેને સાથે સિદ્ધિવિનાયક મંદિરે જોવા મળી હતી. ઓનલાઇન વાયરલ થઈ રહેલા વીડિયોમાં આ સુંદર જોડી એકસાથે બાપ્પાના આશીર્વાદ લઈને પરત ફરતી વખતે મસ્કુરાતી જોવા મળે છે. અભિનેત્રી તસવીરો માટે પોઝ આપતી વખતે ખૂબ જ ખુશ દેખાઈ રહી હતી. આ પ્રસંગે માધુરીએ સુંદર સફેદ અને ગ્રે રંગનો સ્ટ્રાઇપ્સ વાળો સલવાર સૂટ પહેર્યો હતો. તેણે તેની સાથે ચમકતી પીળા રંગની ચુન્ની જોડી હતી. માધુરીએ જાડા કડાં, ઘડિયાળ, ગોગલ્સ અને વેવી હેરસ્ટાઇલ સાથે પોતાનો લુક પૂરો કર્યો હતો. બીજી તરફ, તેના પતિએ તેના બ્રાઇટ આઉટફિટથી વિપરીત સફેદ પેન્ટ સાથે પ્લેન ઘાટા કાળા રંગનો કુરતો પહેર્યો હતો.

રોકડ મળવાના કેસમાં જસ્ટિસ વર્મા સામેના આરોપો સાબિત

સંસદીય તપાસ સમિતિએ સંસદમાં અહેવાલ રજૂ કર્યો

જસ્ટિસ વર્માએ સ્ટોરરૂમમાં મળેલી રોકડના સ્ત્રોત અને માલિકી અંગે સંતોષકારક જવાબ ન આપ્યો

પુરાવા સાથે પણ ચેડાં થયા હોવાનું તારણ

નવી દિલ્હી, તા. 12 (પીટીઆઈ): દિલ્હી હાઈકોર્ટના પૂર્વ જજ જસ્ટિસ યશવંત વર્માના સત્તાવાર નિવાસસ્થાને રોકડ રકમ મળી આવવાના મામલે લોકસભા સ્પીકર દ્વારા રચાયેલી તપાસ સમિતિએ તેમના વિરુદ્ધના આરોપો સાબિત થયા હોવાનું જણાવ્યું છે. ત્રણ સભ્યોની સમિતિએ બુધવારે સંસદના બંને ગૃહમાં પોતાનો અહેવાલ રજૂ કર્યો હતો.

સમિતિએ જણાવ્યું કે જસ્ટિસ વર્મા તેમના સરકારી નિવાસસ્થાનના સ્ટોરરૂમમાંથી મળી આવેલી રોકડના સ્ત્રોત, માલિકી અને ત્યાં તેની હાજરી અંગે સંતોષકારક સ્પષ્ટતા આપી શક્યા નથી. સમિતિએ એમ પણ નોંધ્યું કે સ્ટોરરૂમને કાયદેસર રીતે સીલ અને તપાસ કરવામાં આવે તે પહેલાં મહત્વના પુરાવા સુરક્ષિત કે સાચવવામાં આવ્યા ન હતા અને પુરાવાની સ્થિતિ સાથે છેડછાડ થઈ હતી.

અહેવાલમાં જણાવાયું કે જસ્ટિસ વર્માની સ્પષ્ટતામાં આ પરિસ્થિતિમાં અપેક્ષિત પારદર્શિતા, નિખાલસતા અને સંસ્થાકીય જવાબદારી જોવા મળી ન હતી. સ્વતંત્ર સરકારી સાક્ષીઓના નિવેદનો અને અન્ય પુરાવાઓની સરખામણીમાં તેમનો જવાબ ટાળટૂળભર્યો અને અસંતોષકારક રહ્યો હતો.

સમિતિએ અંતિમ તારણમાં કહ્યું કે જસ્ટિસ વર્મા સામેના ત્રણેય આરોપો સાબિત થયા છે. તપાસ સમિતિએ મે મહિનામાં જ પોતાનો અહેવાલ લોકસભા સ્પીકર ઓમ બિરલાને સોંપ્યો હતો.

ઉલ્લેખનીય છે કે 14 માર્ચ, 2025ની રાત્રે જસ્ટિસ વર્માના સત્તાવાર નિવાસસ્થાને આગ લાગી હતી. આગ બુઝાવવા પહોંચેલા ફાયર બ્રિગેડના કર્મચારીઓને સ્ટોરરૂમમાં મોટી માત્રામાં અડધી બળેલી હાલતમાં રોકડ મળી આવી હોવાનો આરોપ છે. લગભગ 200 સાંસદોએ જસ્ટિસ વર્માને હટાવવાની માગ કર્યા બાદ તેમણે રાજીનામું આપી દીધું હતું. જોકે, તેમનું રાજીનામું હજુ કાયદા મંત્રાલય દ્વારા નોટિફાય કરવામાં આવ્યું નથી. તેમના રાજીનામા બાદ તેમને હટાવવાની કાર્યવાહી લગભગ નિરર્થક બની ગઈ છે.

જંતર-મંતર સીઝન-2ની જાહેરાત

દિલ્હીમાં CJP ના કાર્યક્રમને મંજૂરી ન મળતા હોબાળો

બેન્ક્વેટ હોલનું બુકિંગ છેલ્લી ઘડીએ રદ કરાયું હોવાનો દાવો; CJP ટૂંક સમયમાં દેશવ્યાપી 'લિસનિંગ ટૂર' શરૂ કરશે

ધમકીઓથી ડરવાના નથી', CJPના દીપકેની BJPને ચેતવણી

નવી દિલ્હી, તા. 12(પીટીઆઈ): કોકરોચ જનતા પાર્ટી (CJP)ના દિલ્હીના નારાયણામાં યોજનારા સ્વયંસેવકોના કાર્યક્રમની બુકિંગ છેલ્લી ઘડીએ રદ થતાં પાર્ટીના સ્થાપક અભિજીત દીપકેએ સત્તાધારી ભાજપદબાણ કરવાનો આરોપ લગાવ્યો છે. દીપકે કહ્યું કે આયોજકોએ હોલ અગાઉથી બુક કર્યો હતો, પરંતુ કાર્યક્રમના દિવસે ત્યાં પહોંચતા તેમને "દબાણ" હોવાનું કહી હોલ આપવાનો ઇનકાર કરવામાં આવ્યો.

દીપકેએ દાવો કર્યો કે નજીકના અન્ય સ્થળોએ પણ આવી જ રીતે બુકિંગ આપવાનો ઇનકાર થયો અને લોકોને CJPને બેઠક માટે જગ્યા ન આપવા ધમકાવવામાં આવી રહ્યા છે. ભાજપફથી આ આરોપો અંગે તાત્કાલિક કોઈ પ્રતિક્રિયા આપવામાં આવી નથી. આ દરમિયાન દીપકેએ CJPના જંતર-મંતર આંદોલનનો બીજો તબક્કો શરૂ કરવાની જાહેરાત કરી છે. તેમણે સોશિયલ મીડિયા પર લોકો દ્વારા 'જંતર-મંતર સીઝન-2' ક્યારે શરૂ થશે તે અંગે પૂછાતા સવાલોનો ઉલ્લેખ કરીને કહ્યું કે આ સીઝન ટૂંક સમયમાં શરૂ થશે.

CJPના મુખ્ય પ્રવક્તા સૌરવ દાસે જણાવ્યું કે પાર્ટી હવે દેશવ્યાપી 'લિસનિંગ ટૂર' શરૂ કરશે, જેમાં લોકોના અભિપ્રાય લેવામાં આવશે. સ્વતંત્રતા દિવસથી શિક્ષણના મુદ્દાને પ્રાથમિકતા આપવામાં આવશે.

CJPએ અગાઉ NEET પેપર લીક મુદ્દે દિલ્હીના જંતર-મંતર ખાતે 36 દિવસ સુધી આંદોલન કર્યું હતું. 20 જુલાઈએ સંસદ તરફ કૂચ કરવાનો પ્રયાસ કરતા પોલીસ કાર્યવાહી થઈ હતી. સરકાર સાથે વાતચીત બાદ 25 જુલાઈએ આંદોલન પાછું ખેંચાયું હતું. ત્યારબાદ CJPએ સંગઠનનું રાષ્ટ્રીય માળખું જાહેર કર્યું અને દીપકેને રાષ્ટ્રીય સંયોજક બનાવ્યા હતા.

'ગટરમાંથી નીકળે છે કોકરોચ': કંગના રનૌત

મુંબઈ, તા. 12 : જંતર-મંતર પર થયેલા વિદ્યાર્થી આંદોલન દરમિયાન જેન-ઝી માટે 'ગટર' શબ્દનો ઉપયોગ કરનારાં ભાજપના સાંસદ અને અભિનેત્રી કંગના રનૌતે વિવાદ વચ્ચે ફરી એકવાર સ્પષ્ટતા કરી છે. કંગનાએ કહ્યું છે કે, કોકરોચ ગટરમાંથી નીકળે છે. કંગનાએ કોકરોચ જનતા પાર્ટીના નેતૃત્વમાં થયેલા આંદોલન દરમિયાન કેટલાક યુવાનો દ્વારા વાંધાજનક ભાષાનો ઉપયોગ કરવા બદલ 'ગટર જનરેશન' શબ્દ વાપર્યો હતો, જેનાથી ભારે હોબાળો થયો હતો. જોકે, પાછળથી તેઓ પોતાના નિવેદનથી ફરી ગયાં હતાં. આ સિવાય, કંગના રનૌતે રાહુલ ગાંધી પર પણ પ્રહાર કર્યા છે. કંગના રનૌતે કહ્યું હતું કે, ''જે લોકો પોતાની જાતને કોકરોચ કહે છે અને આપણે કહીએ છીએ કે કોકરોચ ગટરમાંથી નીકળે છે, તો તેમાં ખોટું શું છે? મારો કહેવાનો મતલબ બસ આટલો જ છે. જે લોકો પોતાની જાતને કોકરોચ કહે છે અને આપણે કહીએ છીએ કે ગટર તેમનું ઘર છે, તો તેમને ખોટું શા માટે લાગવું જોઈએ? હું મારી જાતને કોકરોચ નથી માનતી.''

હોર્મુઝ પર 'સંપૂર્ણ નિયંત્રણ'નો ટ્રમ્પનો દાવો

ટ્રમ્પે અમેરિકી નૌકાદળની નાકાબંધીને 'સ્ટીલની દિવાલ' ગણાવી

ઈરાન પાસે ફક્ત ફેક ન્યૂઝ અને 300 ટકા મોંઘવારી છે, અને સ્થિતિ વધુ ખરાબ થઈ રહી છે

ઈરાન સાથે તણાવ વચ્ચે રાજદ્વારી પ્રયાસો પણ ચાલુ

વોશિંગ્ટન, તા. 12: અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે મંગળવારે દાવો કર્યો કે હોર્મુઝની સામુદ્રધુની પર અમેરિકાનું સંપૂર્ણ નિયંત્રણ છે. ઈરાન સાથે વધતા તણાવ અને વ્યૂહાત્મક જળમાર્ગ ફરી ખોલવા અંગેની અટકેલી વાતચીત વચ્ચે ટ્રમ્પના નિવેદનથી સ્થિતિ વધુ તંગ બની છે.

ટ્રમ્પે પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર લખ્યું કે અમેરિકાની નૌકાદળની નાકાબંધીને દરેક વ્યક્તિ "સ્ટીલની દિવાલ" કહી રહી છે અને ઈરાન તેના વિશે કંઈ કરી શકે તેમ નથી. તેમણે ઈરાનની સૈન્ય ક્ષમતા નબળી પડી હોવાનો પણ દાવો કર્યો હતો તેમણે પોસ્ટમાં લખ્યું, "તેમની પાસે ફક્ત ફેક ન્યૂઝ અને 300 ટકા મોંઘવારી છે, અને સ્થિતિ વધુ ખરાબ થઈ રહી છે! ઈરાન માત્ર વાતો કરે છે, કાર્યવાહી કંઈ જ નથી કરતું. હવે તે મધ્યપૂર્વનો દાદાગીરી કરનાર દેશ રહ્યો નથી. અલ્લાહનો આભાર!"

હોર્મુઝની સામુદ્રધુની વિશ્વના તેલ વેપાર માટે અત્યંત મહત્વપૂર્ણ છે અને સામાન્ય સ્થિતિમાં વિશ્વના આશરે પાંચમા ભાગના તેલનો વેપાર આ માર્ગે થાય છે. અહીં કોઈ પણ અવરોધથી વૈશ્વિક ઊર્જા બજાર, શિપિંગ વીમા અને અર્થતંત્ર પર સીધી અસર થઈ શકે છે.

ઈરાન, ઈઝરાયેલ અને અમેરિકી દળો વચ્ચેના અઠવાડિયાઓથી ચાલી રહેલા સૈન્ય સંઘર્ષને કારણે આ જળમાર્ગ અંગે ચિંતા વધી છે. અમેરિકાએ ગલ્ફ વિસ્તારમાં નૌકાદળની હાજરી વધારી છે.

આ દરમિયાન અમેરિકા અને ઈરાન વચ્ચે તણાવ ઘટાડવા માટે પરોક્ષ વાતચીત ચાલી રહી છે. ઈરાને યુદ્ધથી થયેલા નુકસાન અને પ્રતિબંધોથી થયેલા આર્થિક નુકસાન માટે વળતરની માગ કરી હોવાના અહેવાલ છે, જેને ટ્રમ્પ નકારી ચૂક્યા છે.

પાકિસ્તાને પણ કહ્યું છે કે બંને દેશ તણાવ ઘટાડવાના કરારની નજીક પહોંચી રહ્યા છે, જોકે હજુ કોઈ ઔપચારિક સમજૂતી થઈ નથી. નિષ્ણાતોના મતે ટ્રમ્પનું કડક નિવેદન અમેરિકાના સહયોગીઓને આશ્વાસન આપવા માટે છે, પરંતુ તે ઈરાન સાથેની વાતચીતને વધુ મુશ્કેલ પણ બનાવી શકે છે. હાલમાં હોર્મુઝમાં ભારે સુરક્ષા વચ્ચે વ્યાપારી જહાજોની અવરજવર ચાલુ છે.

હૈદરાબાદમાં જૂનિયર એનટીઆરના ખભાની સર્જરી થઈ

હૈદરાબાદ, તા. 12: જુલાઈમાં થયેલી ઈજા બાદ હૈદરાબાદની કિમ્સ હોસ્પિટલમાં જૂનિયર એનટીઆરના ખભાની સફળ સર્જરી કરવામાં આવી છે. આ પ્રક્રિયા મંગળવારે પૂરી થઈ હતી અને ડોક્ટરોનું કહેવું છે કે, અભિનેતાની તબિયત સારી છે અને તેઓ હવે તબીબી દેખરેખ હેઠળ એક સુનિયોજિત રિહેબિલિટેશન પ્રોગ્રામ શરૂ કરશે. સર્જરી બાદ બહાર પાડવામાં આવેલા એક સત્તાવાર હેલ્થ બુલેટિનમાં હોસ્પિટલે જણાવ્યું હતું કે, વિગતવાર તબીબી મૂલ્યાંકન અને નિષ્ણાતોની ટીમ સાથેની સલાહ-સૂચનો બાદ આ પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. ડોક્ટરોએ નક્કી કર્યું હતું કે, આર્થ્રોસ્કોપિક સર્જરી તેમની રિકવરીમાં મદદરૂપ થશે અને તેમને તેમની નિયમિત પ્રવૃત્તિઓમાં પાછા ફરવામાં મદદ કરશે.

મુંબઈના સાકીનાકામાં મધરાતે ભેખડ ધસી પડી: ૭નાં મોત

સાત ઈજાગ્રસ્તો મનપા સંચાલિત હોસ્પિટલોમાં સારવાર હેઠળ



મુંબઈ, તા. ૧૨ (પીટીઆઈ): ભારે વરસાદ બાદ બુધવારે વહેલી સવારે મુંબઈના સબર્બન વિસ્તાર સાકીનાકા પાસે ટેકરી નજીક આવેલી ચાલી પર ભેખડ ધસી પડતાં સાત લોકોનાં મોત નીપજ્યાં છે.

મૃતકોમાં બેથી ૧૪ વર્ષની વયજૂથનાં ત્રણ બાળકોનો સમાવેશ થાય છે, જ્યારે સાત ઈજાગ્રસ્તો મહાનગરપાલિકા સંચાલિત હોસ્પિટલોમાં સારવાર હેઠળ છે.

કાટમાળ નીચે હજી પણ બે લોકો ફસાયા હોવાની આશંકા હોવાથી શોધ અને બચાવ કામગીરી મોડી સાંજ સુધી ચાલુ રહી હોવાનું બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (બીએમસી) ના અધિકારીઓએ જણાવ્યું હતું.

નાગરિક અધિકારીઓના જણાવ્યા મુજબ, ચિરાગ નગરના અશોક નગર વિસ્તારમાં આવેલી ગૌશિયા ચાલીની ત્રણ ઝૂંપડીઓ પર પરોઢિયે ૩.૪૮ વાગ્યે ભેખડ ધસી પડી હતી. આ વિસ્તાર કુર્લા અને ઘાટકોપરના ઉપનગરોની નજીક છે.

રશિયા તરફથી મધ્યસ્થ બનશે પૂર્વ ચીફ જસ્ટિસ ચંદ્રચૂડ

નવી દિલ્હી, તા. 12: રશિયાએ ભારતના પૂર્વ મુખ્ય ન્યાયાધીશ (સીજેઆઈ) ડીવાય ચંદ્રચૂડને યુક્રેનની સરકારી બેંક ઓશ્વાદબેંક સાથે જોડાયેલા એક આંતરરાષ્ટ્રીય રોકાણ વિવાદમાં પોતાના મધ્યસ્થ બનાવ્યા છે.

બાર એન્ડ બેન્ચના રિપોર્ટ અનુસાર, આ કેસ યુક્રેન અને રશિયા વચ્ચે 1998માં થયેલા દ્વિપક્ષીય રોકાણ કરાર હેઠળ ચાલી રહ્યો છે. ઓશ્વાદબેંકનું કહેવું છે કે, 2022માં રશિયાના યુક્રેન પર હુમલાને કારણે તેણે ડોનેત્સ્ક, લુહાન્સ્ક, ખેરસન અને ઝાપોરિઝિયા વિસ્તારોમાં પોતાની સંપત્તિઓ અને કારોબાર ગુમાવવા પડ્યા છે. આ વિસ્તારોમાં ઓશ્વાદબેંકની બેંક શાખાઓ, એટીએમ, ઓફિસો, જમીન અને અન્ય વ્યાપારિક સંસાધનો હતા. રશિયાના કબજા પછી બેંક આ સંપત્તિઓનો ઉપયોગ કરી શકી નહીં. ઘણી શાખાઓ બંધ થઈ ગઈ અને બેંકનો કારોબાર ઠપ થઈ ગયો.

એર કન્ડિશનિંગની સમસ્યાને કારણે સ્પાઈસજેટના મુસાફરો ગરમીમાં શેકાયા

નવી દિલ્હી/પુણે, તા. 12 (પીટીઆઈ) દિલ્હી-પુણે સ્પાઈસજેટ ફ્લાઈટના મુસાફરોને મંગળવારે રાત્રે દિલ્હી એરપોર્ટ પર એર કન્ડિશનિંગની સમસ્યાને કારણે ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો, અને ફ્લાઈટ ઓપરેટ કરવા માટે અન્ય એક એરક્રાફ્ટની વ્યવસ્થા કરવામાં આવી હતી. સોશિયલ મીડિયા પરના વીડિયોમાં ઘણા મુસાફરો એરક્રાફ્ટની અંદર ઊભા રહીને ગરમીને કારણે ખુદને હવા નાખતાં જોવા મળ્યા હતા. સ્પાઈસજેટના પ્રવક્તાએ બુધવારે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, ફ્લાઈટ એસજી-105માં છેલ્લી ઘડીએ ટેક્નિકલ ખામી સર્જાઈ હતી અને એક વૈકલ્પિક એરક્રાફ્ટની વ્યવસ્થા કરવામાં આવી હતી. પ્રવક્તાએ આ અગવડતા બદલ ઊંડો અફસોસ વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, "એર કન્ડિશનિંગ સમગ્ર સમય દરમિયાન ચાલુ રહ્યું હતું. દિલ્હીમાં પ્રવર્તમાન હવામાન પરિસ્થિતિઓને કારણે કેટલાક મુસાફરોને અગવડતા અનુભવાઈ હોઈ શકે છે." જોકે, એક મુસાફરે દાવો કર્યો હતો કે, એસી સિસ્ટમ ફેલ થઈ ગઈ હતી અને વિમાનમાંથી નીચે ઊતરતાં પહેલાં તેઓએ લગભગ એક કલાક સુધી સ્થિર એરક્રાફ્ટની અંદર બેસી રહેવું પડ્યું હતું. એરક્રાફ્ટમાં સવાર મુસાફરોની સંખ્યા અંગેની વિગતો જાણી શકાઈ નથી, પરંતુ તે જ ફ્લાઈટમાં મુસાફરી કરી રહેલા લેશપાલ જાવલગે જણાવ્યું હતું કે, વિમાનમાં 100થી વધુ મુસાફરો હતા અને તેઓને ભારે અગવડતાનો સામનો કરવો પડ્યો હતો.